# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-10-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

****************************************************

1. પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની કડક નિંદા કરવા બદલ વિદેશ મંત્રી ડૉ. જયશંકરે અફઘાનિસ્તાનની પ્રશંસા કરી.
2. સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે ઓસ્ટ્રેલિયન કંપનીઓને ભારતમાં રોકાણ કરવા આમંત્રણ આપ્યું
3. ગુજરાતના પ્રવાસે આવેલાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આજે જુનાગઢનાં સાસણગીરમાં સિંહ દર્શન કર્યા.
4. વેનેઝુએલાના મારિયા કોરિના મચાડોને 2025નો નોબેલ શાંતિ પુરસ્કાર જાહેર કરાયો
5. ક્રિકેટમાં, વેસ્ટ ઇન્ડીઝ સામેની બીજી ટેસ્ટ મેચના પ્રથમ દિવસે રમતના અંતે ભારતે 2 વિકેટે 318 રન બનાવ્યા.

…………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# INDIA-AFGHANISTAN JOINT STATEMENT

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની કડક નિંદા કરવા બદલ વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે અફઘાનિસ્તાનની પ્રશંસા કરી.

નવી દિલ્હીમાં ડૉ. એસ. જયશંકર અને અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી મૌલવી અમીર ખાન મુત્તાકી વચ્ચેની વાતચીત પછી જાહેર કરાયેલા સંયુક્ત નિવેદનમાં આ વાત કહેવામાં આવી હતી. તેમણે પ્રદેશમાં શાંતિ, સ્થિરતા અને પરસ્પર વિશ્વાસને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

બંને પક્ષોએ એકબીજાની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા માટે આદર પર ભાર મૂક્યો. વિદેશ મંત્રીએ ભારતની સુરક્ષા ચિંતાઓ પ્રત્યે અફઘાન પક્ષની સમજણની પણ પ્રશંસા કરી. અફઘાન વિદેશ મંત્રીએ તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો કે અફઘાન સરકાર કોઈપણ જૂથ અથવા વ્યક્તિને ભારત વિરુદ્ધ અફઘાન ભૂમિનો ઉપયોગ કરવા દેશે નહીં.

તેમણે ભારત-અફઘાનિસ્તાન એર ફ્રેઇટ કોરિડોરના પ્રારંભનું સ્વાગત કર્યું. આ કોરિડોર બંને દેશો વચ્ચે સીધા વેપાર અને વાણિજ્યને વધુ વધારશે. અફઘાનિસ્તાને ભારતીય કંપનીઓને ખાણકામ ક્ષેત્રમાં રોકાણ કરવા આમંત્રણ આપ્યું. આનાથી દ્વિપક્ષીય વેપાર અને વાણિજ્યિક સંબંધોને પણ મજબૂત બનાવવામાં મદદ મળશે.

. . . . . . . . . . . . .

# RAJNATH – INDIA AUSTRALIA

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું છે કે દેશ માળખાકીય સુધારાઓની પરિવર્તનશીલ યાત્રા પર છે, ખાસ કરીને ઉત્પાદન ક્ષેત્રમાં. તેમણે કહ્યું કે ભારત હવે વિશ્વનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર અને સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે.

આજે સિડનીમાં ભારત-ઓસ્ટ્રેલિયા સંરક્ષણ ઉદ્યોગ વ્યાપાર ગોળમેજી પરિષદને સંબોધતા શ્રી સિંહે કહ્યું કે મેક ઇન ઇન્ડિયા, ઉત્પાદન સાથે સંકળાયેલ પ્રોત્સાહન યોજનાઓ અને ડિજિટલ પરિવર્તન જેવી પહેલોએ નવીનતા અને રોકાણ માટે અનુકૂળ વાતાવરણ બનાવ્યું છે.

(બાઇટ- રાજનાથસિંહ, સંરક્ષણમંત્રી)

. . . . . . . . . . . . .

# PREZ MURMU GUJ VISIT

ગુજરાત રાજ્યની પ્રવાસે આવેલાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજે જુનાગઢનાં પ્રવાસ દરમિયાન સાસણગીરમાં સિંહ દર્શન કર્યા. સુશ્રી મુર્મૂએ સાસણની મુલાકાત દરમિયાન ગીરમાં રહેતા આદિવાસી સમુદાયના લોકો સાથે સંવાદ કરી રહ્યા છે.

સાંભળીએ જુનાગઢના અમારા પ્રતિનિધિનો અહેવાલ.....

***(V/C- SANJIV MEHTA, PTC, JUNAGADH)***

ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ રાજ્યનાં ત્રણ દિવસનાં પ્રવાસે ગઈકાલે સાંજે રાજકોટ પહોંચ્યાં હતાં. આજે સવારે તેમણે પ્રથમ

જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં જળાભિષેક કરી સોમેશ્વર મહાપૂજા અને ધ્વજાપૂજા કરી હતી.

-------------

## ELECTION COMMISSION - NOTIFICATION

બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ સાથે, ૧૨૧ વિધાનસભા મતવિસ્તારો માટે પ્રથમ તબક્કા માટે નામાંકન પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ચૂંટણી પંચે નામાંકન કેન્દ્રોની આસપાસ કડક સુરક્ષા વ્યવસ્થા માટે ખાસ સૂચનાઓ જારી કરી છે. દરમિયાન ચૂંટણી પંચે આગામી બિહાર વિધાનસભા ચૂંટણીઓ અને અન્ય રાજ્યોમાં પેટાચૂંટણીઓ માટે તમામ ચૂંટણી અધિકારીઓ માટે તાલીમ કાર્યક્રમનું આયોજન કર્યું છે.

પંચે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઓનલાઈન મૂલ્યાંકન અને શંકા નિવારણ સત્રોમાં ચૂંટણી કામગીરીના તમામ તબક્કાઓ આવરી લેવામાં આવશે

. . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ

newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---

## PRIME MINISTER - PULSES MISSION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી ધન ધાન્ય યોજના અને કઠોળમાં આત્મનિર્ભરતા મિશનનો પ્રારંભ કરશે.

કૃષિ મંત્રાલયે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી ધન ધાન્ય કૃષિ યોજના દેશભરના 100 ઓછી ઉત્પાદકતા ધરાવતા જિલ્લાઓમાં વ્યાપક કૃષિ વિકાસ હાથ ધરશે. આ યોજનાનો ઉદ્દેશ્ય ખેડૂતોની આવકમાં નોંધપાત્ર વધારો કરવાનો અને દરેક ખેતર માટે સિંચાઈ સુવિધાઓ સુનિશ્ચિત કરવાનો છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ....

(વોઇસકાસ્ટ – અજય ઇન્દ્રેકર)

*કઠોળ આત્મનિર્ભરતા મિશન તુવેર, ચણા અને મસૂર જેવા મુખ્ય કઠોળ પાકોના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ મિશન હેઠળ, કેન્દ્રીય એજન્સીઓ નોંધાયેલા ખેડૂતો પાસેથી લઘુત્તમ ટેકાના ભાવે 100 ટકા ઉત્પાદન ખરીદશે, જેનાથી ઉત્પાદકો માટે વાજબી નફો સુનિશ્ચિત થશે. આ મિશન ખેતીલાયક વિસ્તારોનો વિસ્તાર કરવા અને ઉત્પાદકતામાં સુધારો કરવા માટે પણ કામ કરશે. કઠોળ ઉત્પાદનમાં આત્મનિર્ભરતા તરફ આ એક મહત્વપૂર્ણ પગલું છે.*

*આ કાર્યક્રમ દરમિયાન, પ્રધાનમંત્રી મોદી ખેડૂતો, ખેડૂત ઉત્પાદક સંગઠનો, સહકારી સંસ્થાઓ અને નવીનતાઓને કૃષિ ક્ષેત્રમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ સન્માનિત કરશે. આ પ્રસંગે, શ્રી મોદી કૃષિ માળખાગત ભંડોળ,*

*પશુપાલન, મત્સ્યઉદ્યોગ અને ખાદ્ય પ્રક્રિયા ક્ષેત્રોને લગતા 1 હજાર 100 થી વધુ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કરશે.*

*અજય ઇન્દ્રેકર, આકાશવાણી સમાચાર, અમદાવાદ*.

. . . . . . . . . . .

## NADDA - TELEMANAS APP

આજે નવી દિલ્હીમાં વિશ્વ માનસિક સ્વાસ્થ્ય દિવસ નિમિત્તે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ રાષ્ટ્રીય ટેલી-માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમ - ટેલીમાનસ માટે ટેલીમાનસ એપ સહિત અનેક નવી પહેલો શરૂ કરી. . માનસ એપ અંગ્રેજી અને હિન્દી ઉપરાંત દસ પ્રાદેશિક ભાષાઓમાં ઉપલબ્ધ હશે.

આ પ્રસંગે શ્રી નડ્ડાએ જણાવ્યું હતું કે ટેલીમાનસ એપની નવી સુવિધાઓ શરૂ કરીને, સરકાર માનસિક સ્વાસ્થ્ય કટોકટીઓને અસરકારક રીતે સંબોધવા અને દેશના દરેક ખૂણામાં ડિજિટલ નવીનતાની પહોંચને વિસ્તૃત કરવા માટે તેની તૈયારીને મજબૂત બનાવી રહી છે.

માનસિક સ્વાસ્થ્ય સેવાઓની પહોંચ વિશે જાગૃતિ લાવવા માટે અભિનેત્રી દીપિકા પાદુકોણને માનસિક સ્વાસ્થ્ય રાજદૂત તરીકે નિયુક્ત કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

## NOBEL PEACE PRIZE

વેનેઝુએલાના મારિયા કોરિના મચાડોને 2025નો નોબેલ શાંતિ પુરસ્કાર જાહેર કરવામાં આવ્યો છે. વેનેઝુએલાના લોકોના લોકશાહી અધિકારોને પ્રોત્સાહન આપવા માટેના તેમના અથાક પ્રયાસો માટે તેમની પસંદગી કરવામાં આવી છે.

વેનેઝુએલાના આયર્ન લેડી તરીકે પણ જાણીતા મચાડોને ટાઇમ મેગેઝિનની 2025ના 100 સૌથી પ્રભાવશાળી લોકોની યાદીમાં સામેલ કરવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . .

## US EMBASSY STATEMENT - PAKISTAN

અમેરિકાએ પાકિસ્તાનને નવી ઉત્પાદિત અદ્યતન મધ્યમ-અંતરની હવા-થી-હવા મિસાઇલો પુરી પાડવાનો ઇનકાર કર્યો છે.

ભારતમાં અમેરિકન દૂતાવાસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે અમેરિકન ફોરેન મિલિટરી સેલ્સ કોન્ટ્રાક્ટમાં તાજેતરના સુધારામાં પાકિસ્તાનને નવી શસ્ત્ર પ્રણાલીઓ હસ્તાંતરણ કરવામાં આવી નથી. તેમણે કહ્યું કે આ સુધારો જાળવણી અને સ્પેરપાર્ટ્સ સપોર્ટ પૂરતો મર્યાદિત છે અને તેના શસ્ત્રાગારમાં કોઈ ક્ષમતા વૃદ્ધિ અથવા અપગ્રેડ પ્રદાન કરતું નથી.

આ સ્પષ્ટતા એવા અહેવાલોના પગલે આવી છે કે પાકિસ્તાનને નવી ઉત્પાદિત મિસાઇલોના પ્રાપ્તકર્તા તરીકે ઉમેરવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . .

## BUDDHA RELICS - RUSSIA

સરકારે જાહેરાત કરી છે કે બુદ્ધના પવિત્ર અવશેષોને ભારતમાંથી રશિયન રિપબ્લિક ઓફ કાલ્મીકિયામાં પ્રદર્શન માટે લઈ જવામાં આવશે.

સંસ્કૃતિ મંત્રાલયે જણાવ્યું હતું કે આ પ્રદર્શન આ મહિનાની 11 થી 18 તારીખ દરમિયાન રાજધાની એલિસ્ટામાં યોજાશે. તેનો હેતુ સ્થાનિક બૌદ્ધ વસ્તી માટે ધાર્મિક સેવાઓ પૂરી પાડવાનો છે. પવિત્ર અવશેષો સાથે ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યના નેતૃત્વમાં 11 વરિષ્ઠ ભારતીય સાધુઓનું એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ હશે.

. . . . . . . . . . . . .

## MEA - OVERSEAS MOBILITY BILL

વિદેશ મંત્રાલયે ઓવરસીઝ મોબિલિટી - સુવિધા અને કલ્યાણ વિધેયક, 2025ના ડ્રાફ્ટ પર ટિપ્પણીઓ અને સૂચનો આમંત્રિત કર્યા છે. આ બિલ નીતિ વ્યવસ્થાપન માટે મંત્રાલયો વચ્ચે વધુ સારા સંકલનને સરળ બનાવવા માટે ઓવરસીઝ મોબિલિટી અને કલ્યાણ પરિષદની સ્થાપનાનો પ્રસ્તાવ મૂકે છે. મુસદ્દા વિધેયકના કોઈપણ પાસા પર ટિપ્પણીઓ અને સૂચનો 7 નવેમ્બર સુધીમાં વિદેશ મંત્રાલયને મોકલી શકાય છે.

. . . . . . . . . . . . .

## NATIONAL ARCHIVES - SHEKHAWAT

સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે કહ્યું છે કે ભારત ઝડપથી ડિજિટાઇઝેશન તરફ આગળ વધી રહ્યું છે. નવી દિલ્હીમાં રાષ્ટ્રીય આર્કાઇવ્ઝ ઓફ ઇન્ડિયા દ્વારા આયોજિત "ગુડ ગવર્નન્સ એન્ડ રેકોર્ડ્સ"

પ્રદર્શનના ઉદ્ઘાટન સમારોહને સંબોધતા શ્રી શેખાવતે કહ્યું કે દેશ પરિવર્તનના સમયગાળામાંથી પસાર થઈ રહ્યો છે. આ પ્રદર્શન પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયી અને પૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામના યોગદાન અને દ્રષ્ટિકોણને પ્રતિબિંબિત કરતા દસ્તાવેજો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

. . . . . . . . . . . . .

## CRICKET – IND VS WI

ક્રિકેટમાં, ઓપનર યશસ્વી જયસ્વાલે અણનમ 173 રન બનાવીને વેસ્ટ ઇન્ડીઝ સામેની બીજી ટેસ્ટ મેચના પ્રથમ દિવસે રમતના અંતે ભારતે 2 વિકેટે 318 રન બનાવ્યા હતા.

આજે સાંજે રમત પૂર્ણ થઈ ત્યારે યશસ્વી જયસ્વાલ 173 અને કેપ્ટન શુભમન ગિલ 20 રન બનાવીને રમતમાં હતા. સાઈ સુદર્શને 87 રન બનાવ્યા જ્યારે કેએલ રાહુલે 38 રન બનાવ્યા.

અગાઉ, ભારતીય કેપ્ટન ગિલે ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો.

. . . . . . . . . . . . .